# GPSC – Class 1/2 Prelims Preparation

Gujarat Public Service Commission

Vivek Tank ( Dy. Collector )

www.vivektank.blogspot.in

# તૈયારી દરમ્યાન ધ્યાન રાખવા જેવી બાબત

- અભ્યાસક્રમ ( Syllabus) ને ખાસ વળગી રહેવું, તે મુજબ જ વિવિધ બુક્સ માંથી વાંચવું.
- બહુ મટીરીયલ ભેગું ન કરવું, નહીતર સતત મુંજવણ રહેશે કે શું વાંચવું, શામાંથી વાંચવું ???
- શક્ય હોય તો એક સારું ગ્રુપ બનાવીને વાંચવું
- શક્ય હોય તો રોજ તમે 2-3 વિષય વાંચી શકો, જેથી એક જ વિષય સતત વાંચીને કંટાળી ન જવાય.
- છેલ્લે મોકટેસ્ટ આપો, આથી ખબર પડે કે તમારો કયો વિષય નબળો છે. અને તેનાં પર ધ્યાન આપો.
- યાદ રેશે કે નહિ, આ ટોપિક પરીક્ષામાં પૂછાશે કે નહિ તેની બહુ ચિંતા નાં કરવી.
- જરૂર હોય તેવા ટોપિકની જ નોટસ બનાવવી, બધાની નોટસ બનાવવાનો આગ્રહ નાં રાખવો.

Vivek Tank ( Dy. Collector ) www.vivektank.blogspot.in

# ઈતિહાસ –

- સૌ પ્રથમ બેઝીક માટે ગુજરાત બોર્ડ ધો. ૧૧-૧૨ની બુક્સ વાંચવી. પછી અન્ય ભારતના ઇતિહાસની રેફરન્સ બુક વાંચી શકાય.
- ગુજરાત ઈતિહાસનાં સિલેક્ટીવ ટોપિક – "ગુજરાતની અસ્મિતા" માંથી કરી શકાય. ( અન્ય પ્રકાશનોની ગુજરાતના ઇતિહાસની બુકમાંથી સિલેક્ટીવ ટોપિક જોઈ શકાય )
- ગાંધીજી અને ડો.આંબેડકર વિષેનાં મુદ્દા ઈન્ટરનેટ પરથી એક વાર બેઝીક જોઈ લેવા, તેમાં બહુ ઊંડાણમાં ઉતારવાની જરૂર નથી.
- જે ટોપિક મળતા નહિ હોય તેની નોટસ હું શેર કરીશ.
- કંટાળો આવે ત્યારે Youtube પર "ભારત એક ખોજ" નાં વિડીયો જોવા.

# સાંસ્કૃતિક વારસો –

- ભારતના સાંસ્કૃતિક વરસા માટે - નીતિન સિંધાનિયા ( સિલેક્ટીવ સિલેબસ મુજબ ટોપિક્સ ) ( હિન્દી/અંગ્રેજી ) - Best
- ગુજરાત સાંસ્કૃતિક વારસા માટે – વિશ્વકોશ ટ્રસ્ટ પબ્લીકેશનની " ગુજરાત" બૂક માંથી સિલેબસ મુજબ સિલેક્ટીવ ટોપિક જોઈ શકાય.
- ( યુવા ઉપનિષદ પ્રકાશનની સંસ્કૃતિ વાળી બૂક પણ શરૂઆતમાં વાંચી શકાય )

# ભારતીય રાજ્યવ્યવસ્થા, બંધારણ, આંતરરાષ્ટ્રીય સબંધો –

- સૌથી શ્રેષ્ઠ બૂક – એમ. લક્ષ્મીકાંત ( હિન્દી/અંગ્રેજી )
- ગુજરાતીમાં – વિકલ્પ કોટવાલ સાહેબની બંધારણની બૂક વાંચી શકાય. ( જો કોઈ શહેઝાદ કાઝી સાહેબની બૂક વાંચતા હોય તો પણ ચાલે )
- પંચાયતી રાજ – અક્ષર પ્રકાશન/વર્લ્ડ ઈનબોક્સ પ્રકાશન / ઈશ્વર પાડવી ( નોલેજ આઈ પ્રકાશન ) ( કોઈ પણ એક )
- આંતરરાષ્ટ્રય સબંધો માટે અલગ બૂક વાંચવાની ખાસ જરૂર નથી. કરન્ટ અફેર્સમાં તે આવી જ જશે.

# <u>સામાન્ય બૌધિક ક્ષમતા</u>

# ( Maths+Reasoning)

- લીબર્ટી પ્રકાશનની ( Maths+Reasoning ) બૂક માંથી સિલેક્ટીવ ચેપ્ટર જોઈ શકાય.

- અન્ય પણ ઘણા પુસ્તકો આ વિષયના પ્રાપ્ય છે, પણ પોતાની ક્ષમતા મુજબ તે જોઈ શકાય.

( ઉ.દા. Maths – RS aggarwaal, Fastrack Maths,

Reasoning – BS sijwali etc..)

# ભારતીય અર્થતંત્ર અને આયોજન –

- બેઝીક કન્સેપ્ટ માટે – ધો.૧૧-૧૨ ની બૂક એક વાર જોઈ શકાય. ( તેની આંકડાકીય માહિતી પર ધ્યાન ન આપવું )

- વર્લ્ડ ઈનબોક્ષ પ્રકાશનની “ અર્થવ્યવસ્થા “ વાળી બૂક માંથી સિલેક્ટીવ ટોપિક વાંચી શકાય.

- Economy માં કરન્ટનાં પ્રશ્નો વધુ આવતા હોય છે, આથી તેના પર ખાસ ધ્યાન આપવું.

- Mrunal Patel નાં Youtube પરથી સિલેક્ટીવ વિડીયો જોઈ લેવા.

# ભૂગોળ

- સૌ પ્રથમ ગુજરાત બોર્ડની ધો. ૧૧-૧૨ ની બૂક જોઈ લેવી.
- ધો.૧૧-૧૨ ની NCERT પણ ખૂબ સારી છે. (હિન્દી/અંગ્રેજી)

- હિન્દી માધ્યમની – (भूगोल – समग्र अध्ययन- महेश बर्नवाल) ઘણી સારી બૂક છે. NCERT નાં બદલામાં તે વાંચી શકાય.

- ગુજરાત ભૂગોળ – લીબર્ટી પ્રકાશનની બૂક માંથી સિલેબસનાં પોઈન્ટ્સ કરી શકાય.

# વિજ્ઞાન અને ટેકનોલોજી –

- આ વિષયમાં દરેક ટોપિકનું બેઝીક નોલેજ અને તેના પર આધારિત કરન્ટ ખૂબ પુછાય છે.
- બેઝીક માટે – વર્લ્ડ ઈનબોક્ષ પ્રકાશનની બૂક વાંચી શકાય.
- કરન્ટમાટે રોજ જોતા રહેવું, ઉપરાંત VISION IAS ( science & tech ) નું કરન્ટ જોઈ શકાય.

# પર્યાવરણ –

- અંગેજીમાં – Shankar IAS ની નોટસ ઘણી સારી છે.
- ગુજરાતીમાં - વર્લ્ડ ઈનબોક્ષ પ્રકાશનની બૂકમાંથી સિલેક્ટીવ ટોપિક વાંચી શકાય અથવા
- ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડની – પર્યાવરણની બૂક પણ વાંચી શકાય.
- સાથે સાથે પર્યાવરણનાં કરન્ટ અફેર્સનાં ટોપિક ખાસ જોવા.

# કરન્ટ અફેર્સ –

- Daily Current Affairs ---- સામાન્ય રીતે તો આ માટે ન્યુઝપેપર જ વાંચવું જોઈએ. પણ સમયના અભાવે Gktoday.in, Insightonlindia.com જેવા ઓનલાઈન માધ્યમ અથવા StudyIQ પરનાં રોજના કરન્ટનાં વિડીયો જોઈ શકાય.
- લીબર્ટી- LGK જેવા ગુજરાતી માસિક મેગેઝીન ( ઓછામાં ઓછા છેલ્લા ૬ મહિનાનાં )
- અન્ય મહત્વના કરન્ટનાં સ્ત્રોતનો પણ ઉપયોગ કરી શકાય.

- નોંધ –

- ઉપરનું લીસ્ટ અનુભવનાં આધારે મુક્યું છે. તેના સિવાય પણ ઘણી અન્ય બુક્સ રેફરન્સ તરીકે કામ લાગી શકે છે. તે પણ વાંચી શકાય છે. આજ વાંચવાથી પાસ થવાય તેવું નથી.

- ઉપર જણાવેલી બુક્સ માંથી સ્વ-વિવેકાનુસાર વાંચન કરવું

- અહી કોઈ પણ પ્રકાશન કે લેખકનું પ્રમોશન કરવાનો કોઈ જ હેતુ નથી.

- જે લોકો તૈયારીમાં સાવ નવા છે, તેઓ યોગ્ય ક્લાસમાં પણ જોડાઈ શકે છે. તેનાથી વિષયોનું પ્રાથમિક જ્ઞાન મળી શકશે.

- વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસ તૈયારીમાં મદદરૂપ થવું તે જ માત્ર મૂળ ઉદેશ છે.

- જે લોકો ઘણા સમયથી તૈયારી કરે છે તે આથી પણ આગળની હિન્દી/અંગ્રેજી રેફરન્સ બૂક વાંચી શકે છે. અને મુખ્ય પરીક્ષાનાં ટોપિક જે પ્રિલિમ્સમાં પણ છે તેને જરા ઊંડાણથી જુવે.

# માર્ગદર્શક પરિચય-



- વિવેક ટાંક ૨૦૧૭ બેચના નાયબ કલેકટર છે.
- આ ઉપરાંત તેઓ એક લેખક અને કવિ પણ છે.
- તેઓ UPSC-GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાના ઈતિહાસનાં લેકચરર પણ રહી ચુકેલા છે.
- હાલ તેઓ સિવિલ સર્વિસને તૈયારી કરતા યુવાનોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે.
- વધુ સાંપ્રત જાણકારી માટે તેના ફેસબુક અને બ્લોગ દ્વારા સંપર્ક કરી શકાય.

Vivek Tank ( Dy. Collector )

www.vivektank.blogspot.in